# ગુજરાતને મળવાપાત્ર ગ્રાન્ટ કરતાં વધારાની કોઈ સહાય કેન્દ્ર એ આપી નથી : ભરતસિંહ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં રેલસંકટની સ્થિતિમાં કેન્દ્ર સરકાર માત્ર ને માત્ર નેશનલ ડીઝાસ્ટર રિલીફ ફંડની મળવાપાત્ર ગ્રાન્ટ જે હતી તેની જ જાહેરાત કેન્દ્ર સરકારે કરી હોવાના ઘટસ્ફોટ સાથે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આક્ષેપ કર્યો છે કે બનાસકાંઠા જિલ્લો જ્યારે અતિવૃષ્ટિથી ત્રસ્ત હતો ત્યારે ભાજપ અને સરકાર કોંગ્રેસ તોડવામાં વ્યસ્ત હતા.

આજે પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં સોલંકીએ જણાવ્યું હતુ કે હું; સાંસદ અહમદભાઈ પટેલ તથા પ્રભારી અશોક ગેહલોત રવિવારે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે જઈ રહ્યા છીએ.

અમે તો બનાસકાંઠાના અતિવૃષ્ટિગ્રસ્ત વિસ્તારોમાં ઝડપથી પુનઃ વસન થાય અને રાહતકાર્યમાં વેગ આવે તે માટે મુખ્ય સચિવને મળી સાચી પરિસ્થિતિની વિગતો સાથે આવેદન-પત્ર ઉત્તર ગુજરાતના ધારાસભ્યોએ આપ્યું છે.

કોંગ્રેસ પક્ષે ઘર ગુમાવનારને સરકાર તાત્કાલિક મકાન બાંધી આપે, ખેડૂતોના દેવા સંપૂર્ણ માફ કરે, જે ખેડૂતોની જમીન ધોવાઈ ગઈ છે તેને નવસાધ્ય કરી આપે, ગ્રામ્ય માર્ગો અને તળાવો તુટ્યા છે તે તાત્કાલિક રીપેરીંગ કરવામાં આવે તે સહિતની સાત જેટલી માંગ કરી ચુક્યા છીએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા તથા મોટાભાગના ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં અતિવૃષ્ટિની પરિસ્થિતિ ઉભી થતાં કોંગ્રેસ પક્ષના ઉત્તર ગુજરાતના તમામ ધારાસભ્યો પ્રદેશ કોંગ્રેસ સમિતિની ટીમ સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા. કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ જાત માહિતી મેળવીને ગુજરાત રાજ્યના મુખ્ય સચિવને રૂબરૂ મળી સાચી પરિસ્થિતિની માહિતી આપી હતી તેમજ આવેદનપત્ર પણ સુપ્રત કર્યું હતું. કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોએ અનેક વિકટ પરિસ્થિતિમાં લોકોની વચ્ચે હતા ત્યારે ભાજપ સરકારના મંત્રીઓ, ધારાસભ્યો અને સરકાર લોકોની મદદ કરવાને બદલે ગંદી રાજનીતિ કરી રાજ્યસભામાં ત્રીજી સીટ માટે મત નહીં હોવા છતાં ત્રીજી સીટ લડવાના પેંતરામાં રોકાયેલા હતા. ભાજપ સરકારની સંપૂર્ણ બેદરકારીના કારણે ઠાકોર સમાજના એક જ પરિવારના અઢાર સભ્યો સહિત અનેક લોકોના નિધન થયા છે.



બનાસકાંઠામાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિ બાદ કાદવકીચડ વચ્ચે કચરાના ઢગ અને ગંદકી ખદબદી રહી છે. આવા સંજોગોમાં ડિસામાં પણ ગંદકી ઉલેચવા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયુ છે. ગુજરાતી અભિનેતા જનક ઠક્કર પણ આ સ્વચ્છતા ઝુંબેશમાં જોડાયા છે.

# જયઅંબે પરિવારની ૨૯મી અંબાજી પદયાત્રા માટે નોંધણીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૧૩-બીના જયઅંબે પરિવાર દ્વારા દર વર્ષે ભાદરવી પૂનમના અંબાજીની પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે સળંગ ૨૯મી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અંદાજીત ૨૦૦થી વધુ ભાઈઓ તથા ૧૦૦થી વધુ બહેનોનો સમાવેશ કરવામાં આવશે. આ પદયાત્રાનો તા. ૨૭મી ઓગષ્ટે પ્રારંભ થશે જેમાં જોડાવા તા. ૧૫મી ઓગષ્ટ સુધીમાં નામાંકન કરાવવાનું રહેશે.

છેલ્લા ૨૮ વર્ષથી ભાદરવી પૂનમની પરંપરાગત પદયાત્રાનું જય અંબે પરિવાર દ્વારા આયોજન કરવામાં આવે છે. આ પદયાત્રામાં શહેરના શ્રદ્ધાળુ પદયાત્રીઓ મોટી સંખ્યામાં જોડાય છે અને પ્રતિકૂળ સંજોગોમાં પણ અંબાજી પહોંચી મા જગદંબાની બાધા આખડી પૂરી કરે છે, તો ઘણા આસોની નવરાત્રીમાં પોતાના ગામે માંડવીએ મા ભગવતીને પધારવા નોંતરું આપે છે. ભક્તિમાં રસતરબોળ બની મા ના વાત્સલ્યનો અમીરસ પીવા જોડાતા ભક્તો પદયાત્રા દરમ્યાન પરોઢિયે બ્રાહ્મ મુહૂર્તમાં મનોરમ્ય રથમાંથી રેલાતા ભક્તિસંગીતમાં વંદના કરવાનો ઈશ્વરીય આનંદ માણે છે. આ વર્ષે ૨૯મી પદયાત્રાનો પ્રારંભ તા. ૨૭મી ઓગષ્ટના રોજથી થશે. જેમાં જોડાવા માંગતા શ્રદ્ધાળુઓને ૧૫મી ઓગષ્ટ સુધીમાં સે. ૧૩-બીના શક્તિચોકમાં સ્થિત કાર્યાલય ખાતે ફોર્મ ભરી પદયાત્રી ઓળખકાર્ડ મેળવી લેવા જયઅંબે પરિવારના પ્રમુખ લલિત પટેલે જણાવ્યું છે.

# આંજણા ચૌધરી સમાજ બાયડનું ગૌરવ



બાયડની વલ્લભનગર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા જ્યોત્સના બેન પટેલ અને બાયડ નગરપાલિકા ના પૂર્વ કોર્પોરેટર જીગર પટેલ ના ભાઈ પટેલ વિમલ કુમાર હાલ ધનસુરા મામલતદાર કચેરી ખાતે સર્કલ ઓફિસર તાતિકે ફરજ બજાવે છે અને તેવો એ તાજેતર માં જ લેવાયેલી જીપીએસસી (કલાસ ૧) **Deputy collectro** ની પરીક્ષા માં ૧૦ માં રેન્ક સાથે ઉર્તિણ થયા હતા અને સમગ્ર બાયડ આંજણા ચૌધરી સમાજ નું ગૌરવ વધાર્યું તે બદલ સમાજના આગેવાનો એ અભિનંદન પાઠવ્યા હતા

# બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પૂરગ્રસ્તોને જિલ્લા ભાજપ દ્વારા ૧૫૦૦ કરિયાણ કીટ મોકલાઈ

મહેસાણા, તા. ૨૯

બનાસકાંઠા અને પાટણ જિલ્લા પૂરગ્રસ્તોની મદદ કરવા મહેસાણા જિલ્લા ભાજપ દ્વારા ૧૫૦૦ કરિયાણા કીટોનું પેકિંગ કરી પૂરની પરિસ્થિતીમાં મહેસાણા જિલ્લામાંથી બનાસકાંઠાંના અસરગ્રસ્તોને ૧૫૦૦ કરીયાણાની કીટ મોકલાઈ છે. જેમાં એક કીટમાં લોટ ૫ કિલો, ચોખા ૨ કિલો, મગદાળ ૧ કિલો, ખાંડ ૧ કિલો, ડુંગળી ૧ કિલો, મરચું ૨૦૦ ગ્રામ, હળદળ ૨૦૦ ગ્રામ, ગોળ ૧ કિલો, તેલ ૧ કિલો, ચા ૨૦૦ ગ્રામ, મીઠું ૧ કિલો, માચીસ ૧ બંડલ, મીણબત્તી ૧ બંડલ મળી કુલ ૧૫૦૦ની કીટ મોકલાઈ છે.



આ ઉપરાંત અન્ય સામગ્રીમાં ફૂડપેકેટ ૧૦૦૦, તેલ (૫૦૦ એમ.એલ) ૫૦૪ નંગ, ખાંડ ૧ કિલોના ૨૦૦ પેકેટ, ચોખા ૨ કિલોના ૨૦૦ પેકેટ, દાળ ૧ કિલોના ૨૦૦ પેકેટ અને લોટ ૫ કિલોના ૨૦૦ પેકેટ મોકલવામાં આવ્યા છે તેમ મહેસાણા જિલ્લા ભાજપના નિતીનભાઈ સી. પટેલ જિલ્લા અધ્યક્ષની અખબારી યાદીમાં જણાવાયું છે.

સામગ્રી બનાસકાંઠાના પૂર પીડીતોને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે મોકલવામાં આવી છે. પૂરગ્રસ્તોની મદદ કરવા જિલ્લા ભાજપે રાત દિવસ કીટોનું પેકીંગ કરી તૈયાર કરી બનાસકાંઠા મોકલાયા હતા.



રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ આજે ખારીયા ગામે બનાસનદીના પૂર પ્રલયથી અવસાન પામેલા મૃતકોના પરિવારજનોને રાજ્ય અને કેન્દ્ર સરકારની સહાયપેટે છ-છ લાખના ચેક અર્પણ કર્યા હતા. ત્યારબાદ એનડીઆરએફની ટીમ સાથે પૂરગ્રસ્ત ખારીયા ગામનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે સુરતના ધારાસભ્ય હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર પીપલોદી કેનાલમાં પડેલ બાળક ૭૨ કલાક બાદ મૃત હાલતમાં મળ્યો

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાનાં હિંમતનગર પીપોલોદી ગામનો બાળક કેનાલમાં પડવાથી તળાયો હતો અને તંત્ર દ્વારા બે દિવસથી શોધખોળ હાથ ધરવામાં આવી હતી જયારે ત્રીજા દિવસે મોટી બોખમાં બોટ મારફતે શોધખોળ હાથ ધરાઈ હતી ત્યારે ૭૨ કલાક બાદ હાજીપુરા કેનાલમાંથી બાળક મૃત હાલતમાં મળી આવ્યો હતો.

હિંમતનગર તાલુકાના પીપલોદી ગામનો ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતો વિરેન્દ્ર તેના પિતાની ધર્મેન્દ્રસિંહ પરમાર સાથે કેનાલ પાસેથી જઈ રહ્યો હતો તે સમયે પગ લપસતા તે કેનાલમાં પડયો હતો અને બુમાબુમ થતાં લોકો દોડી આવ્યાં હતાં અને તંત્રને જાણ કરવામાં આવી હતી. ત્યારે તંત્ર દ્વારા કેનાલમાં આવતું પાણી બંધ કરાવી શોધખોળ હાથ ધરી હતી અને બે દિવસ બાદ પણ વિરેન્દ્ર મળી ના આવતાં આજે હિંમતનગર ડિઝાસ્ટર ટીમ તથા પ્રાંતિજ ડીઝાસ્ટર ટીમ દ્વારા પ્રાંતિજ મોટી બોખમાં બોટ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી જ્યારે તે સમય દરમ્યાન સાબરડેરી હાજીપુર પાસે આવેલ કેનાલમાંથી ૭૨ કલાક બાદ વિરેન્દ્ર મૃત હાલતમાં મળી આવ્યો હતો. ત્યારે જિલ્લા તાલુકા તંત્ર સહિત ડિઝાસ્ટર ઘટના બન્યા પછી ખડેપગે શોધ ખોળ હાથ ધરવામાં હતી.

# કાંકરેજ તાલુકામાં અસરગ્રસ્ત ગામોમાં અને મૃતકના પરિવારોને રૂપિયા ચાર કરોડ દસ લાખનું ચૂકવણું કરાયું

## ૨૩ વ્યક્તિના મૃતક પરિવારને ૬ લાખ લેખે ૧ કરોડ ૩૮ લાખના ચેકનું વિતરણ અને ૨ કરોડ ૭૨ લાખ રૂપિયા કેશડોલ ચૂકવાઈ

કાંકરેજ, તા. ૨૯

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકામાં બનાસનદિના ભારે પૂર પ્રવાહના કારણે થયેલ નુકશાનનું તાકીદે તાત્કાલિક સહાય પેટે રૂપિયા ૪,૧૦,૦૦૦૦૦ની સહાય ચુકવવામાં આવી છે. જેમાં ૩૮ ગામોને ૧૦૦ટકા અસરગ્રસ્ત જાહેર કરાયા છે. જોકે જિ.વિ.અ. જિ.પં. બ.કાં. પાલનપુર તરફથી કેશડોલ્સ, ઘરવખરી, કપડાંની સહાય મંજૂર કરી ચુકવણું કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી એ.એમ. પટેલને સુપ્રત કરેલ જેમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુનિલ વસાવાના મોનીટરીંગમાં તમામ ચૂકવણું કરવામાં આવ્યું છે અને વધુ ચૂકવણું કરવાનું ચાલુ છે.

અત્યાર સુધી કાંકરેજ તાલુકામાં કુલ ૩૬ લોકોના પૂરમાં મોત થયા છે જેમાં ૨૩ મૃત્યુ પામાનરના પરિવારને રૂ. ૬,૦૦૦૦૦ના ચેકો અર્પણ કરાયા છે. અને ખારીયા, ટોટાણા, સદારામ કોમ્પલેક્ષ થરા, જલારામ મંદિર અને એપીએમસી થરા, શિરવાડા, ચણકપુર, રૂની-નવા, ઓઢા, આણંદપુરા, ખેંગારપુરા, સુદ્રોસણ, સોહનપુરા, આંબપુરા, રૂપપુરા, રણાવાડા, અમરનેસડા, મોટા જામપુર, કસલપુરા, ગંગાપુરા-થળી, કસરા, દુદાસણ, શિયા, ઉણ, અમરપુરા(ઉણ), વાલપુરા, માનપુર(ઉણ), ભલગામ, નગોટ, મંગળપુરા, બલોચપુરા, વડા, નાના-જામપુર, ચાંગા, માંડલા, જાખેલ, આકોલી મા.વાસ, ભદ્રેવાડી સહિત ગામોમાં કેશડોલ્સ ચુકવણું કરાયું છે. જેમાં ૩૭ ગામોમાં ૪૫ ટીમો કાર્યરત છે. જેમાં શાળાના શિક્ષક, તલાટી અને એક સ્થાનિક વ્યક્તિની રાહબરી હેઠળ ચૂકવણું કરવામાં કામગીરી પૂરજોશમાં ચાલુ છે તેમ નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુનિલ વસાવાએ જણાવ્યું હતું.

# રાજકોટનો આજી-૧ છલકાતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નીર વધાવ્યાં

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજકોટમાં આજી-૧ ડેમ છલકાઈ જતાં તેના વધામણાં કર્યા હતા. ગઈ કાલે મોડી રાત્રે આજી-૧ ડેમ છલકાઈ ગયો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે સવારે ગાંધીનગરથી રાજકોટ પહોંચતા તેઓ એરપોર્ટથી સીધા આજી-૧ ડેમ ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે, બરાબર એક મહિના પહેલાં, ૨૯ જૂને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજી ડેમમાં નર્મદાના નીરને વધાવ્યા હતા, કુદરતની મ્હેરથી મહિના પછી આજી-૧ છલકાઈ ગયો છે. આજી-૧ ડેમની ઊંચાઈ પણ ૨૯ ફૂટ છે.

આમ ૨૯ ફૂટન ઊંચાઈ વાળા આજી-૧ ડેમમાં ૨૯મી જૂને નર્મદાના નીરના વધામણા અને આજે ૨૯મી જુલાઈએ ડેમ છલકાતાં પુનઃવધામણાં કરાયાં છે. ૨૯નો આંક આજી માટે શુકનિયાળ સાબિત થયો છે.

હાલ સમગ્ર ગુજરાતમાં ભારે વરસાદને કારણે ઉભી થયેલ આપાતકાલીન પરિસ્થિતિમાં રાજયના વહિવટી તંત્ર અને એનડીઆરએફ તેમજ ભારતીય હવાઈ દળ તથા સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેના સહયોગથી મહામુલી માનવ જીંદગી બચાવાઈ છે અને હાલ પરિસ્થિત સૂંપર્ણપણે કાબુમાં છે.

## શાનદાર વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક શાનદાર સદી કરી હતી. કોહલી અને રહાણેએ ચોથી વિકેટની ભાગીદારીમાં અણનમ ૫૧ રન ઉમેર્યા હતા. કોહલીએ તે પહેલા મુકુન્દની સાથે મળીને ૧૩૩ રનની ભાગીદારી નોંધાવી હતી. શ્રીલંકા તરફથી પરેરા કુમારા અને ગુનાથિલાકાએ એક એક સફળતા મેળવી હતી. શ્રીલંકાએ તેની પ્રથમ ઈનિગ્સમાં ૨૯૧ રન કર્યા હતા. જ્યારે ભારતીય ટીમે પ્રથમ ઈનિગ્સમાં ૬૦૦ રન કર્યા હતા. જંગી જુમલો ખડ્કયો હોવા છતાં ભારતીય ટીમે શ્રીલંકાને ફોલોઓન કરવાની ફરજ પાડી ન હતી. પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે જ ભારતે ગઈકાલે તેની સ્થિતિ મજબૂત બનાવી દીધી હતી અને તેની જીત નિશ્ચિત દેખાઈ રહી હતી. શ્રીલંકાની ટીમ ભારતના પ્રથમ દાવમાં ૬૦૦ રન ઓલઆઉટના જવાબમાં ૨૯૧ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. શ્રીલંકાની ટીમ તેના પ્રથમ દાવમાં ૨૯૧ રન કરી શકી હતી.શ્રીલંકા તરફથી પરેરા ૯૨ રન કરીને અણનમ રહ્યો હતો જેમાં ૧૦ ચોગ્ગા અને ચાર છગ્ગાનો સમાવેશ થાય છે. મેથ્યુસ ૮૩ રન કરીને આઉટ થયો હતો. ભારત તરફથી પ્રથમ દાવમાં ચેતેશ્વર પુજારા ૧૫૩ રન કર્યા હતા. જ્યારે શિખર ધવને ૧૬૮ બોલમાં ૩૧ ચોગ્ગા સાથે ૧૯૦ રન ફટકાર્યા હતા. કેપ્ટન વિરાટ કોહલી પણ ૩ રન કરીને આઉટ થયો હતો. જો કે બીજા દાવમાં તે સદી ફટકારી ગયો હતો. ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ આજે તેની યશકલગીમાં વધુ એક મોર પીછુ ઉમેરી લીધુ હતુ.

## કાતર ફરશે તો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જીવવા માંગે છે. જે બાદ પણ અનેક વખત ક્યારેક આર્ટિકલ તો ક્યારેટ સ્ટેટ ફલેગનો મુદ્દો ઉઠાવવામાં આવે છે.'' સીએમે આગળ કહ્યું, ''કાશ્મીર ભારતની એક વિચારધારા છે. કાશ્મીરની વિચારધારાને કઈ હદ સુધી માનવામાં આવે તે એક સવાલ છે. વિવાદ આ વાતનો જ છે. જમ્મુ-કાશ્મીર માટે બંધારણમાં ખાસ અધિકાર છે. સંજોગવશાત પણ કંઈ ખોટું થઈ જાય તો બંને (કેન્દ્ર અને રાજ્ય) એક બીજા પર દોષારોપણ કરવા લાગે છે. જેના કારણે અહીંના લોકો ૭૦ વર્ષથી પરેશાનીનો સામનો કરી રહ્યા છે.''

આપણે અલગતાવાદીઓનો સામનો કરવા માટે કાશ્મીરમાં સૈનિકની સંખ્યા અને ગોળા-બારુદનો પુરવઠો વધારી રહ્યા છીએ. માત્ર આવા ફેંસલાથી જ કાશ્મીરનો મુદ્દો નહીં ઉકેલાય. કાશ્મીરમાં બોર્ડર પાસે આવેલા રોડ ખોલવા આપણને પાકિસ્તાન તરફથી સપોર્ટ મળવો જરૂરી છે. રાજ્યમાં બીજેપી અને પીડીપી ગઠબંધન સરકાર બની ત્યારે અટલ બિહારી વાજપેયી જેવો જાદુ ચાલશે તેવી આશા જાગી હતી.

હું ઘણીવાર મોદીને કાશ્મીરમાં સ્થિતિ નોર્મલ કરવા માટે યોગ્ય પગલા ભરવાનું કહી ચૂકી છું. હું માનું છું કે તેમના આ શક્તિ છે અને તેઓ કાશ્મીર મુદ્દો ઉકેલીને ઈતિહાસ પુરુષ બનશે.

## કોંગ્રેસની રજૂઆત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપ દ્વારા કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા અને તેમના પક્ષમાં જોડાવવા માટે કરોડો રૂપિયાની લાલચ અને ચૂંટણીમાં ટિકિટ આપવાની લાલચ આપી ઓફરો કરી રહ્યા છે.

કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોએ જાતે આ ગંભીર આક્ષેપો કરતાં ભાજપની પોલ ખુલ્લી પડતાં કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાને લઈ ચિત્રમાં આવ્યા હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ અભિષેક મનુ સિંઘવી, મનીષ તિવારી, ગુલામનબી આઝાદ સહિતના નેતાઓના પ્રતિનિધિમંડળે આજે કેન્દ્રીય ચૂંટણી પંચની રૂબરૂ મુલાકાત લીધી હતી અને ભાજપ દ્વારા પૈસા તેમ જ સત્તાના જોરે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની જે હીન પ્રવૃત્તિ આચરાઈ તે અંગે ફરિયાદ કરી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓએ ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ભાજપ અને ગુજરાતની શાસક સરકાર દ્વારા પોલીસનો કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા માટે દૂરપયોગ થઈ રહ્યો છે. ધારાસભ્યોને કરોડો રૂપિયાની અને ચૂંટણીમાં ટિકિટ આપવાની લાલચ આપી ફોડવાનો અને તોડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ધારાસભ્યો વશ નહી થતાં તેમના પરિવારજનોને પણ ધાકધમકી અપાઈ રહી છે. ભાજપ દ્વારા લોકશાહીના મૂલ્યોને નેવે મૂકાતા કોંગ્રેસે ચૂંટણી પંચને ફરિયાદ કરી છે અને આ સમગ્ર મામલામાં ભાજપ સામે પગલાં લેવાની માંગણી કરી છે.

## મિસાઈલનું પરીક્ષણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાની નજીક હોવાની ચેતવણી ઉત્તર કોરિયા દ્વારા આપવામાં આવી રહી છે. આ પરીક્ષણ બાદ કોરિયન મહાદ્વિપમાં તંગદીલી વધી જવાની દહેશત છે. આ મિસાઈલ પરીક્ષણ એવા સમય પર કરવામાં આવ્યુ છે જ્યારે એક દિવસ પહેલા જ અમેરિકી કોંગ્રસે રશિયા, ઈરાન અને ઉત્તર કોરિયા પર નવેસરના કઠોર પ્રતિબંધો લાગુ કરવા માટે મતદાન કર્યુ છે. ઉત્તર કોરિયાએ આ વર્ષે ૧૨મી વખત મિસાઈલના પરીક્ષણ કર્યા છે. જ્યારે એક મહિનાની અંદર જ બીજી વખત પરીક્ષણ કરવામાં આવ્યુ છે. દક્ષિણ કોરિયાની સમાચાર સંસ્થાએ કહ્યુ છે કે મિસાઈલની ત્રાટકવાની ક્ષમતા ખુબ વધારે રહેલી છે. આના કારણે અમેરિકાને ટાર્ગેટ બનાવી શકાય છે.

પેન્ટાગોનના પ્રવકતા કેપ્ટન જેફ ડેવિસ માહિતી આપતા કહ્યુ છે કે અમેરિકા તેની હદમાં હોવાના હેવાલ પાયા વગરના છે. તેમણે કહ્યુ છે કે ઉત્તર કોરિયાના મિસાઈલ પરીક્ષણના કારણે અમેરિકાને કોઈ ખતરો નથી. ડેવિસે ભારપૂર્વક કહ્યુ છે કે અમેરિકા પોતે દક્ષિણ કોરિયા અને જાપાન જેવા તેના મિત્ર દેશોની સુરક્ષા કરવા માટે કટિબદ્ધ છે. ઉત્તર કોરિયાની અમેરિકા સાથે છેલ્લા કેટલાક સમયથી ખેંચતાણ રહી છે. વૈશ્વિક દેશો તરફથી દબાણ લાવવામાં આવ્યુ હોવા છતાં તે વારંવાર મિસાઈલ પરીક્ષણ કરી રહ્યુ છે. સાથે સાથે અમેરિકા સહિતના દેશોને હુમલાની ચેતવણી પણ આપતુ રહે છે. દક્ષિણ કોરિયા અને જાપાનની સાથે તેના સંબંધો ક્યારેય સારા રહ્યા નથી.

## પાણી ભરાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દાયકાના અંતે પણ અપુર્ણ છે. જો કે તળાવ નિર્માણના અંતે આ ઠેકાણે ફુડકોર્ટ પણ બનાવી દેવાઈ છે. જયારે તળાવને પિકનીક સ્પોટ બનાવાની આ યોજના અન્વયે અત્યારસુધીમાં કરોડો રૂપિયાનુ પાણીઢોળ થઈ ગયુ છે. પરંતુ આટલા તોતિંગ ખર્ચના અંત નગરના નાગરિકોને કોઈ લાભ થયો નથી. વર્ષ દરમિયાન તળાવમાં પાણી ભરાતુ નથી. આસપાસ નિખરતા હરિયાળા બગીચા વચ્ચે મોટોમસ ખાડો કરી દેવાયો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. તળાવના તળિયામાં પાણી ટકતુ જ નથી. આ મામલે તંત્ર કક્ષાએથી એક બીજા વિભાગને ખો આપવાની નીતિ અપનાઈ છે. પરંતુ તળાવના તળિયાની તરસ છિપાય તે માટે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી. વર્ષ દરમિયાન તળાવમાં પાણી ન દેખાતા પિકનીક સ્પોટ બનાવાની યોજના પર પાણી ફરી વળ્યુ છે. જયારે લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુડકોર્ટની દુકાનો પણ ફાળવવામાં ન આવતા હવે ખંડેર બની છે. જો કે છેલ્લા ચાર દિવસથી તળાવ વિસ્તારની રોનક નિખરી છે. ભારે વરસાદના લીધે તળાવમાં હાલ પાણી જોવા મળી રહયુ છે. જેના લીધે સહેલાણીઓ પણ આકર્ષાયા છે. જો કે તળાવના તળિયામાં ટેકનિકલ ખામી હોવાના લીધે પાણી કેટલા દિવસ ટકશે તે કહેવુ મુશ્કેલ છે.

## એક ભાગ દટાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની ફરતે સ્થિત દિવાલ તુટી જતા ઈન્દ્રોડા ગામમાં દિવાલ નજીક સ્થિત કાચા મકાનનો કડુસલો થઈ ગયો છે. જેના લીધે રસોડાનો સામાન પણ દિવાલ નીચે દટાઈ ગયો છે. જયારે દિવાલ તુટી જતા શ્રમિક પરિવારની સાઈકલો પણ દટાઈ ગઈ છે. શ્રમિક પરિવારના દશરથજી કરશનજી ઠાકોરે આ અંગે જણાંવ્યુ હતુ કે પ્રકૃતિ ઉદ્યાનની દિવાલમાં ગાબડુ પડતા રસોડાના ભાગ દબાઈ ગયો છે. જયારે સાઈકલો પણ દિવાલના કાટમાળ નીચે ભાંગીને ભુકો થઈ ગઈ છે. આ દિવાલ ભયજનક હાલતમાં છે. હાલ પણ આગળના ભાગે ટેકાના આધારે અડધી દિવાલ ઉભી છે. આ ઘટનામાં સદનસીબે કોઈને ઈજાઓ થવા પામી નથી. પરંતુ માલસામાનનો ભુકો થઈ ગયો છે. આવા સંજોગોમાં તંત્ર કક્ષાએથી પણ આ પરિવારજનોને કોઈ મદદ મળી નથી. જયારે ભયજનક દિવાલ દુર કરી નવી દિવાલ બનાવવાની પણ અનિવાર્યતા છે.

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

સામાજિક કાર્યો કરતી સંસ્થાઓને, વ્યકિતઓને લાગ્યો છે. સેવા કરવી, દાન કરવું એ ઉચ્ચ કૉટિનું કાર્ય છે. પણ સેવાનો ભાવ, દાનનો ભાવ ત્રીજી વ્યક્તિ સામે પ્રસારિત કરવો એ ખુબ જ કનિષ્ઠ છે. પાપ છે. એવું માનવામાં આવે છે. સેવા અને દાનની પ્રવૃતિ માત્ર અને માત્ર બે જ વ્યક્તિ વચ્ચે યોજાય તો જ એને ''યજ્ઞ'' નું રૂપ મળે છે. પણ આપણે તો સો ગ્રામ લોટથી કીડીયારું પુરીને ફેસબૂક ઉપર ફોટા અપલોડ કરીને અનેક લોકોની વાહ વાહ લૂંટીને ગૌરવાન્વિત થઈએ છીએ. આજે ગરીબ બાળકને ખાવાનું આપતા ફોટો પડાવીએ છીએ પણ સામાન્ય સ્થિતિમાં એ જ ગરીબ બાળક જો આપણા ઘરના દરવાજે ઊભું હશે કે આપણી ગાડીને અડકશે તો આપણે એને ધક્કો મારીને હડસેલી દઈએ છીએ. આ છે આપણી સંવેદનશીલતાનું સત્ય. ઘણા લોકો તો ગરીબો સાથે, ભિખારીઓ સાથે ઊભા રહીને સેલ્ફી ફોટો લઈને ફેસબૂક કે વોટ્સપ પર અપલોડ કરવાનો અનેરો આનંદ લૂંટતા હોય છે. અને વળી પાછા ઓફિસની મિટીંગમાં ઉત્સાહથી બધાને કહે છે કે '' આજે મેં ગરીબ સાથે ફોટો પડાવ્યો છે. '' પણ આપણે એ નથી જાણતા હોતા કે એવે સમયે ઈશ્વર પણ આપણા ફોટા પાડતો હોય છે.

સેવા અને દાન એ માત્ર આપનાર અને લેનાર વચ્ચે જ રહે તો એ શાસ્ત્રોક્ત ગણાય છે. અન્યથા ... ગરીબાઈ એ ગરીબોની ઈજ્જત છે. પણ એ ગરીબ હોવાને કારણે આપણને કહી શકતા નથી કે અમારા ફોટા ના પાડો. અને આપણે ગરીબોની ઈજ્જતના ફોટા પાડીને સોશ્યિલ મીડિયામાં આરામથી અપલોડ કરીને આપણું ગૌરવગાન કરીએ છીએ. – મેરા ભારત મહાન.

-9426060601.india@gmail.com

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

એ તો આગળ કહ્યા એમ ગુજરાતીપણાની ટેષ્ટિ ફલેવરથી તરબતર હોવાના જ , તો પછી આમાં ગુજરાતીનું ડેથ ક્યાં થયું બબુઆ ??. જેમ પ્રોપર ગુજરાતી જેવું કાઈ નથી રહ્યું એમ પ્રોપર અંગ્રેજી જેવું પણ કાઈ નથી રહ્યું, ઈનફેક્ટ આપણે રહેવા નથી દીધું એ અલગ વાત છે !!! સાહિત્યની જ વાત કરો છો તો કાન ખોલીને સાંભળી લો કે હવે તો કવિતામાં પણ અંગ્રેજીએ પગપેસારો કરી જ દીધો છે. બાય ધ વે આજે એટલે જ ખાલી બોલવાની વાત ઉખેળી છે, લખવાની રામાયણની તો આખી એક સીરીયલ થાય અલ્યા....!!! ને છતાં પણ આખીયે કાયનાતમાં આપણી આગવી ઈંગ્લીશ સાથે ગુજરાતીઓએ ડંકો વગાડ્યો જ છે, ઈટ મીન્સ કે આપણું ઈંગ્લીશ સાચું છે, પરફેક્ટ છે ને સામેવાળાને અન્ડરસ્ટેનડેબલ છે....છે ને છે જ...બસ તો બબાલ ઓવર !!!!!

વિસામો :

સાવ નિર્મમ ના કહે 'ગુડ બાય' તું, ગુજરાતીમાં 'આવજો' બોલાય છે, તું મને પાલવનું ઈંગ્લિશ પૂછ મા અહીંયા આંસુ ટિસ્યુથી લૂછાય છે.

-અદમ ટંકારવી